**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨/૮/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૫૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૪૬૮ લીટર દેશી દારૂ, ૨૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૦,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૫૫૬/૧૫**

**સેટેલાઇટ :** શીતલભાઇ મહેન્દ્રભાઇ પંડ્યા (રહે. નંદીની એપાર્ટમેન્ટ, ગુલબાઇ ટેકરા, નવરંગપુરા) એ તા.૧/૮/૧૫ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૩ થી તા.૧૫/૪/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વિશાલ દિનેશચંદ્ર કંસારા (રહે.સ્વાતી એપાર્ટમેન્ટ, વિભાગ-૨, મારૂતી આર્કેટની પાછળ, વેજલપુર) એ શીતલભાઇની કંપનીનાં કામકાજ દરમ્યાન કંપનીનાં ઇન્કમ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, સેલ્સ ટેક્ષ, વેટ અને ટી.ડી.એસ.નાં વર્ષ ૨૦૧૩-૧૪ તથા ૨૦૧૪-૧૫ નાં ભરવાનાં થતાં કુલ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- તથા સાહેદ નંદીશભાઇનાં ઇન્કમટેક્ષ રીટર્નનાં ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૩૦,૦૦૦/- જે-તે જગ્યાએ જમા નહીં કરાવી, રૂપિયાની ઉચાપત કરી, વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**ઉચાપતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૫૫૭/૧૫**

**સરદારનગર :** વીવેક લાલાશ્રીરામ મેહરોત્રા (રહે. સિન્ધ્યાચલ ફેઝ-૫, વસંતવીહાર સ્કુલ પાસે, થાને : મહારાષ્ટ્ર) એ તા.૧/૮/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૨/૧૫ થી તા.૧૦/૬/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અવીનાશ કિશોરભાઇ શાહ (રહે.સુસ્મીતા ફ્લેટ, વાસણા) (૨) ઇરસીદ મહંમદ શેખ (રહે.મીલ કંમ્પાઉન્ડ, શાહપુર) નાઓએ ભેગામળી અમદાવાદ ડોમેસ્ટીક એરપોર્ટ, ચેવર્સ ઇંગ્લેન્ડ લીમીટેડ નામનાં સ્ટોરમાંથી આર્ટીકલ (જોડી કુટવેર) તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૯૧,૦૦૫/- મતાની ઉચાપત કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૫૮/૧૫**

**નરોડા :** શંકરલાલ જવરલાલ મેઘાણી (રહે,કૈલાસરાજ રાઇટ્સ, આઇ.ટી.આઇ. ની બાજુમાં, કુબેરનગર, સરદારનગર) એ તા.૧/૮/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૭/૧૫ રાતનાં ૮/00 થી તા.૧/૮/૧૫ સવારનાં ૧૧/30 વાગ્યા દરમ્યાન નરોડા દહેગામ રોડ ઉપર આવેલ રાઘવ રેસીડન્સી ખાતેની પોતાની શકર ઇલેક્ટ્રોનીક્સ નામની દુકાનનાં શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ઇલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુઓ કુલ કિંમત રૂપિયા ૧,૫૧,૧૭૫/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** જીમીબહેન જીગ્નેશભાઇ પટેલ (રહે,હરીવીલા રેસીડેન્સી, હેબતપુર રોડ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૮/૧૫ રાતનાં 00/30 થી સવારનાં ૪/00 વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૯૨,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૯/૧૫**

**નિકોલ :** વજાજી સોમાજી નાયક (રહે.ગામઃ ભરકુડા, ઇન્દીરાનગર, તા.દસ્કોઇ, જી.અમદાવાદ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૮/૧૫ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે કઠવાડા ગામ તરફ જવાના રસ્તા ઉપરથી પોતાનો પુત્ર મહેશ ઉર્ફે જગદીશ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને આગળનાં ભાગેથી ટક્કર મારતાં, મહેશને ગંભીર ઈજાઓ થતાં તેમનું સારવાર દરમ્યાન બપોરનાં ૧/00 વાગે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

**સીડી ઉપરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૫૬૦/૧૫**

**માધવપુરા :** જશોદાબહેન બકુલભાઇ દડિયલ (ઉ.વ.૪0)(રહે.કોલાબાના છાપરાં, જુગલદાસની ચાલી નં.૮ પાસે, ઇદગાહ રોડ) તા.૨૮/૭/૧૫ બપોરના ૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છાંપરા ઉપર મીણીયુ ટાંકતી વખતે, સીડી ઉપરથી નીચે ઉતરતાં, પડી જતાં માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧/૮/૧૫ નાં કલાક ૯/00 વાગે જશોદાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)